# Second Round of Foreign Office Consultations between India and Cuba

## ભારત અને ક્યુબા વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો દ્વિતિય રાઉન્ડ

28 જૂન, 2022

ભારત અને ક્યુબા વચ્ચે 27 જૂન 2022 નાં રોજ હવાનામાં વિદેશ કચેરીનાં પરામર્શોનો 2જો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમાર દ્વારા કરવામાં આવી હતી અને ક્યુબન પક્ષની આગેવાની ક્યુબાનાં ઉપ વિદેશ મંત્રી શ્રીમતિ અનાયાન્સિ રોડ્રિગ્સ કામેજો દ્વારા કરવામાં આવી હતી.

2. વિદેશ કચેરીનાં પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ વિકાસ ભાગીદારી પરિયોજનાઓ, વ્યાપાર અને આર્થિક સંબંધો અને રીન્યૂએબલ એનર્જી અને પરંપરાગત ઔષધ અને યોગ સહિત આરોગ્ય, બાયોટેકનોલોજી, કૃષિ, ખેલકૂદ, આરોગ્ય, વિજ્ઞાન અને ટેકનોલોજી અને આઈસીટી સહિતનાં તેઓનાં દ્વિવપક્ષીય સંબંધોની સમગ્ર બાબતોની વ્યાપક સમીક્ષા કરી હતી. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્રમાં સહકાર સહિત સામાન્ય હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું દાનપ્રદાન પણ કર્યું હતું.

3. સચિવ (પૂર્વ) દ્વારા ઉપ વડાપ્રધાન મહામહિમ શ્રીમાન રિકાર્ડો કાબ્રિસાસ અને કાર્યકારી વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન જીરાર્ડો પેનાલ્વેરની માલાકાત લેવામાં આવી હતી અને ક્યુબા અને ભારત વચ્ચે દ્વિવપક્ષિય જોડાણો વધારે આગળ લઈ જવા પર દ્રષ્ટિકોણોની આપ-લે કરવામાં આવી હતી.

4. આ મુલાકાત દરમિયાન, ક્યુબા માટે ભારતથી ચોખાની આયાત કરવા માટે 100 મિલિયન યુરોનાં મૂલ્યની ટૂંકા-ગાળાની ક્રેડિટ લાઈન પરની સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને ક્યુબા સરકાર દ્વારા ભારતની સ્વતંત્રતાનાં 75 વર્ષની યાદગીરી કરતી પોસ્ટલ ટિકીટ રજૂ કરવામાં આવી હતી.

5 . આ વાતચીતો સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવી હતી.

**હવાના**
**27 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.